ક્રમાંક: કવટ/ભરત(યાદી-૪૮)/આઇએસસી-૮/૨૦૧૫/૮૨૯૭-૯૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં-૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તા.૦૯-૦૭-૨૦૧૫

પ્રતિ
પ્રમુખશ્રી/મંત્રીશ્રી
ધી ચાણસ્મા ના.સ.આર્ટસ એન્ડ બી.એ.પટેલ એન્ડ ડી.બી.વ્યાસ કોમર્સ કોલેજ,
ચાણસ્મા, જિ. પાટણ.

**વિષય** : બિન સરકારી અનુદાનિત કોલેજમાં આચાર્યની ખાલી જગ્યાઓ ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

**સંદર્ભ** : ૧. યુ.જી.સી નવી દિલ્હીની તા.૩૦-૦૬-૨૦૧૦ ની ગાઇડલાઇન્સ યુજીસી રેગ્યુલેશન (મીનીમમ કવોલીફિકેશન ફોર એપોઇન્ટમેન્ટ ઓફ ટીચર્સ અને અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિ. એન્ડ કોલેજીસ એન્ડ મેજર્સ ફોર મેઇન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજયુ.) ૨૦૧૦ સુધારા સમેત'
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ તા.૨૯-૦૯-૨૦૧૧
૩. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ તા.૧૮-૦૬-૨૦૧૨
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ તા.૨૦-૦૧-૨૦૧૪
૫. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૨૦૧૧-૨૩૭૦-ખ તા.૨૮-૦૫-૨૦૧૫
૬. સંસ્થાના પત્ર નં. ૭૫ / ૨૦૧૫-૧૬ તા. ૧૦.૦૬.૨૦૧૫

શ્રીમાન,

ઉપરોકત વિષય અને આપની સંદર્ભ-૬ હેઠળની દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ-૫ ના ઠરાવથી રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી કેટલીક શરતોને આધીન વિકેન્દ્રીત પધ્ધતિથી સમાલાપ કાર્યવાહી કરી ભરવા માટે મંજુરી આપવામાં આવેલ હોઇ, આપની દરખાસ્ત અન્વયે આપની સંસ્થામાં ખાલી પડેલ આચાર્યની જગ્યા સંદર્ભ-૧ થી ૫ માં જણાવેલ યુ.જી.સી. ગાઇડલાઇન્સ તેમજ સરકારશ્રીના ઠરાવોની વખતોવખતની સુચનાઓ અને જોગવાઇઓ અનુસાર કોલેજમાં ચાલતાં પ્રવાહના વિષયના આચાર્યની ભરતી પ્રક્રીયા કરવા નીચેની શરતોને આધીન પસંદગી કાર્યવાહી કરવા માટે એન.ઓ.સી.ની મંજુરી આપવામાં આવે છે.

શરતો :

૧. સંબંધિત કોલજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના વધુમાં વધુ પચ્ચીસ દિવસમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતાં અગ્રગણ્ય વર્તમાન પત્રો (અંગ્રેજી તેમજ ગુજરાતી) માં જાહેરાત આપવાની રહેશે.

૨. સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભ-૫માં જણાવેલ ઠરાવની શરત-૫ ની જોગવાઇ મુજબ જે તે યુનિવર્સિટી હેઠળ આવેલ તમામ કોલેજોને એન.ઓ.સી. મળ્યેથી જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતો તા.૩૧/૭/૨૦૧૫ સુધીમાં આ કચેરીને મોકલવાની કાર્યવાહી અચૂક પુરી કરવાની રહેશે. તેમજ ઇન્ટરવ્યુની તારીખ મેળવી લેવાની રહેશે.

૩. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે. તથા સરકારી પ્રતિનિધિએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે.

૪. સંબધિત કોલેજ જે યુનિવર્સિટી સાથે એફીલીએશન ધરાવતી હશે તે યુનિવર્સિટી કેમ્પસમાં ઇન્ટરવ્યુ યોજવાના રહેશે.

૫. લઘુમતી સંસ્થાએ સરકારશ્રીનાં સંદર્ભ-(૨) માં દર્શાવેલ તા.૨૯/૦૯/૨૦૧૧ નાં ઠરાવમાં જણાવ્યા મુજબની પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.

૬. ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી / પ્રક્રીયા (જાહેરાતથી લઇ નિમણૂંક સુધી) ગુણવત્તા આધારિત, વિશ્વસનીય અને પારદર્શક રીતે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઉપરાંત તમામ ઉમેદવારો જાણી શકે તે માટે સંબંધિત સંસ્થા દ્વારા સંસ્થા, યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની વેબસાઇટ પર જગ્યાઓ અને ભરતીની વિગતો મુકવાની રહેશે.

૭. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા સંદર્ભ-(૧), (૨) અને (૩) તથા ક્રમાંક-૪ પરના તા.૨૦/૧/૨૦૧૪ના ઠરાવથી નિયત કરેલ ગુણાંકન પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે. યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ તથા તેમાં વખતોવખત કરેલ સુધારા મુજબ એપેન્ડીક્ષ - III નાં ટેબલ - II (C) મુજબ અનુસરવાનું રહેશે. ટેબલ - II (C) માં દર્શાવેલ એ.પી.આઇ. તથા પેટા-વિભાગોનું વિગતવાર ગુંણાકન સંબંધિત યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીનાં વિભાગોમાં નિમણૂંક પામતાં હેડ ઓફ ડિપાર્ટમેંન્ટ / પ્રોફેસરનાં કિસ્સામાં નિયત કરેલ પેરામીટર્સનાં વિગતવાર ગુણાંકન મુજબ અનુસરવાનું રહેશે. તથા તે મુજબ ગુંણાકન કરી પત્રકો રજૂ કરવાનાં રહેશે.

૮. સંસ્થાને આપવામાં આવેલ એન.ઓ.સી. મુજબની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ શિક્ષણ વિભાગના તમામ પ્રવર્તમાન ઠરાવોની જોગવાઇઓ મુજબ તથા યુ.જી.સી.ના ધોરણો અનુસાર રહેશે. આ મુજબની લાયકાત ધરાવતાં ઉમેદવારની જ આચાર્ય તરીકે વરણી સમિતિ પસંદગી કરી શકશે અન્યથા આવા પસંદ કરેલ ઉમદવારોના પગાર ભથ્થાં અનુદાનને પાત્ર ગણાશે નહી.

૯. ઉમેદવારની લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધી મેળવેલ હશે તે જ ધ્યાને લેવાશે.

14/7/15

૧૦. નિમણૂંક આપતા પહેલાં પુર્વમંજુરી/વહીવટી મંજુરી માટે આ કચેરીના પરિપત્ર મુજબ સાધનિક કાગળો, પત્રકો તથા વરણી સમિતિના મુલ્યાંકન પત્રકો (સભ્ય દીઠ તેમજ એકંદર પત્રક તથા રોજકામની નકલ) વગેરે દરખાસ્તમાં અચૂક સામેલ રાખવાના રહેશે.

૧૧. શિક્ષણ વિભાગના તા.૦૬-૧૦-૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૨૯૮-૨૮૩૫-ગ માં થયેલ જોગવાઇ મુજબ ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજય સરકાર અથવા સક્ષમ અધિકારીની પુર્વ મંજુરી સિવાય નિમણૂંક નહી કરવાની જોગવાઇ મુજબ આ કચેરીના તા.૦૨-૦૧-૧૯૯૯ ના પત્રક્રમાંક : ઉબક-ડીપી-વ.૨-૯૮-૯૯-૨૦૦૯-૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિએ પસંદ કરેલ ઉમેદવારની નિમણૂંક અગાઉ આ કચેરીની પુર્વમંજુરી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

૧૨. શિક્ષણ વિભાગના વખતોવખતના ઠરાવ તથા યુ.જી.સી.૨૦૧૦ ની ભલામણ તથા જોગવાઇ મુજબ આચાર્યની જે કામગીરી તથા ફરજો નકકી કરેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

૧૩. જો નિમણૂંક સરકારી નિયમોની જોગવાઇઓ અનુસાર નહી હોય તેમજ આ નિમણૂંકને યુનિવર્સીટીની માન્યતા ન મળે તો આ નિમણૂંકને કારણે ચુકવાયેલ પગાર અનુદાનને પાત્ર રહેશે નહી.

૧૪. નિમણૂંક પામનારને સમાન સંવર્ગના અધિકારી / કર્મચારીઓને જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કોલેજ ફરજ પાલનની જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્ય પાર્ટ ટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરુરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

૧૫. પસંદગી પામનાર ઉમેદવારે, અગાઉ બજાવેલ સેવાની બાબતે અથવા ભારતનાં પ્રસ્થાપિત કોઇપણ કાયદા હેઠળ, ફોજદારી કે દિવાની કાર્યવાહીમાં દોષિત સાબિત થયેલ હોય / કાર્યવાહી ચાલુ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે.

૧૬. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેમજ કોઇ તપાસ ચાલુ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારને અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૭. અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજી પત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૮. પસંદગી પામેલ આચાર્યશ્રીએ નિમણૂંક પામેલ કોલેજના મુખ્ય મથકે રહેવું ફરજિયાત છે. જો તેમ કરવામાં પસંદ થયેલ ઉમેદવાર નિષ્ફળ જશે તો તેઓની નિમણૂંક અનુદાનપાત્ર ગણાશે નહી.

૧૯. આચાર્યની ખાલી જગ્યાની પસંદગી અને નિમણૂંક અંગે આ કચેરી દ્વારા અગાઉ આપેલ વખતોવખતની સુચનાઓનો ચુસ્ત રીતે સંપુર્ણ પણે અમલ કરવાનો રહેશે.

૨૦. પસંદગી પામેલ ઉમેદવારે આખરી નિમણૂંક પત્ર મેળવતાં પહેલાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય નિયમો) ૧૯૬૭ નાં નિયમ-૮(૧-એ) ની જોગવાઇ અન્વયે સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩.૦૮.૨૦૦૮ નાં ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ સાથેનાં પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમ મુજબનાં કોમ્પ્યુટર વિષયની જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨૧. આ એન.ઓ.સી. મુજબની આચાર્યની જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઇ, શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધી તપાસ, નાગરિકત્વ સંબંધી શરતો, ઠરાવેલી લાયકાત સંબંધી શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરત, નિયોકતાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરિક્ષા વગેરે સંબંધે સંસ્થા / યુનિવર્સિટી / રાજય સરકાર અથવા યુ.જી.સી. રેગ્યુલેશનમાં અન્યથા જોગવાઇ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - ૧૯૬૭ નાં ભાગ-૩ અને ભાગ-૪ માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાનાં રહેશે.

૨૧. આ એન.ઓ.સી. સંદર્ભે અંતિમ નિર્ણય કરવાનો અધિકાર તથા એન.ઓ.સી.ની શરતોમાં ફેરફાર કરવાનો હકક તથા પૂર્વ મંજુરી સમયે ઉમેદવારનાં સંદર્ભે રાજય સરકારનાં પ્રવર્તમાન નિયમો \ ઠરાવોની જોગવાઇઓને આધિન શરતો નકકી કરવાનો હક્ક ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

૨૩. પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક આપવા સુધીની તમામ કાર્યવાહી તા.૨૧.૦૮.૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

નોંધ ઉપર માન. આયુકતશ્રીનાં આદેશાનુસાર.

સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના :-
- રજિસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી. તરફ જાણ અને જરુરી કાર્યવાહી સારુ.
- સિલેક્ટ ફાઇલે.

ક્રમાંકઃ કવટ/ ૨૦૧૯/ IHC2 /ફાજલ/૨૮૩૯૯-૨૯૪૯
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૨૪/૦૮/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૦૭૬/ખ-૧,તા.૪/૫/૧૯૭૭
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૫૯૯-૪૦૭૩-ખ,તા.૬/૬/૨૦૦૨
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૫૯૯-૪૦૭૩-ખ,તા.૬/૭/૨૦૦૨
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૧૦૩/૬૩૧/ખ-,તા.૮/૪/૨૦૦૩
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૨૬૧૦/૧૦૫૫/ખ-,તા૭/૬/૨૦૧૧
(૬) અત્રેની કચેરી દ્વારા તા.૨૮,૨૯/૦૬/૨૦૧૯ અને તા.૦૩/૦૭/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ કેમ્પ.
(૭) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃકવટ/૨૦૧૯/IHC2 /ફાજલ/૨૧૧૫૪-૬૪ તા.૩૦/૦૭/૨૦૧૯
(૮) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃકવટ/૨૦૧૯/IHC2 /ફાજલ/૨૨૧૪૨-૬૭ તા.૦૬/૦૮/૨૦૧૯

કચેરી આદેશઃ-

આમુખ- ૧ થી ૪ ના વંચાણે લીધેલ સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવોની જોગવાઇ અને શરતોને આધિન બિન સરકારી અનુદાનપાત્ર આર્ટસ,કોમર્સ,વિજ્ઞાન,લો અને શિક્ષણની કોલેજોમાં યુ.જી.સી.ની ભલામણો મુજબ શિક્ષકોનો કાર્યભાર નક્કી કરવામાં આવતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના/અલ્પકાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવામાં આવે છે. આમુખ-૫ના ઠરાવથી જે અધ્યાપકોનો કાર્યભાર ઘટે તેવા અધ્યાપકોને ચોઇસ બેઇઝ ક્રેડિટ સીસ્ટમ અનુસાર ઇલેકટીવ, કોર તથા ફાઉન્ડેશનના વિષયમાં ઘટતો કાર્યભાર ફાળવી આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ જે અદયાપકના વિષયમાં કાર્યભાર ન હોય તેવા અધ્યાપકોને અન્ય બિનસરકારી અનુદાનિત કોલેજોમાં સમાવવા અને તેઓને કાર્યભારની સોંપણી કરવી જરૂરી છે.

આ સાથેનાં પરિશિષ્ટ-અમાં જણાવેલ અધ્યાપક તેઓની માતૃ સંસ્થામાં શૂન્ય કાર્યભાર/અલ્પ કાર્યભાર ધરાવે છે. તેઓને તેમના વિષયમાં તેમના નામ સામે જણાવેલ કોલેજમાં તેમના વિષયનો કાર્યભાર ઉપલબ્ધ છે અને જગ્યા ખાલી છે. તેથી સંબંધિત આમુખના ઠરાવની જોગવાઇ મુજબ સદર કોલેજમાં પૂર્ણ સમયના અધ્યાપકની ખાલી જગ્યા મંજૂર કરી સદર જગ્યા ઉપર સીધા સમાવવાના આથી આદેશ કરવામાં આવે છે.

(૧) આ આદેશના દિન-૭ માં ફાજલ અધ્યાપકે તેમના નામ સામે ફાળવેલ સંસ્થા ખાતે તેમના વિષયનો કાર્યભાર સંભાળવાનો રહેશે. તથા તે માટે ફરજ પર હાજર થવાનું રહેશે. અન્યથા તેમને મળતાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકેના તમામ પ્રકારના લાભો આપો આપ બંધ થશે.

(૨) આચાર્યશ્રી,સંબંધિત કોલેજ તેમજ કોલેજ સંચાલક મંડળે તેમની કોલેજમાંથી ફાજલ થયેલ મજકુર વ્યાખ્યાતા ને જે કોલેજમાં સમાવવામાં આવેલ છે. તે કોલેજમાં તેમના વિષયનો કાર્યભાર સંભાળવા માટે સત્વરે ફરજ મુકત કરવાના રહેશે.

Secretary
Nima Memorial Gram Vikash Trust
Ruppur - Chanasma

627

BRB-12.09.2017

3

(૩) ફાજલ અધ્યાપકને જે કોલેજમાં સમાવવામાં આવેલ છે. તે કોલેજના આચાર્યશ્રી, તથા કોલેજ સંચાલક મંડળે મજકુર વ્યાખ્યાતા ને તેમની સંસ્થા ખાતે અચૂક હાજર કરી તેમના વિષયનો કાર્યભાર સોંપવાનો રહેશે. તથા તે અંગેની જાણ આ કચેરીને કરવાની રહેશે.

(૪) આ કચેરીનો તા.૦૬/૦૮/૨૦૧૯ના આદેશના પરિશિષ્ટ-અ ના ક્રમનં- (૧), (૨), (૩),(૪) મુજબ ના અધ્યાપકોને સમાવવાના આદેશ આથી રદ કરવામાં આવે છે.

નોંધ પર માન.આયુકતશ્રીએ આપેલ આદેશાનુસાર

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,

આચાર્યશ્રી, બિનસરકારી અનુદાનિત સંલગ્ન કોલેજો (યાદી મુજબ)

- પ્રમુખ/મંત્રીશ્રી, બિનસરકારી અનુદાનિત સંલગ્ન કોલેજો (યાદી મુજબ)
- યાદી મુજબના સંબંધિત વ્યાખ્યાતા.
- નાયબ નિયામકશ્રી, (હિસાબ), કોલેજ-ડી.પી શાખા, આ કચેરી.
- હુકમ ફાઇલે

<u>નકલ સવિનય રવાના</u>

- કુલ સચિવશ્રી, સંબંધિત યુનિવર્સિટી, તમામ.
- નાયબ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,૫/૭ સરદાર પટેલ ભવન,ગુ.રા.ગાંધીનગર.

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તા.૨૧/૦૮/૨૦૧૯નાં આદેશ ક્રમાંકઃકવટ/૨૦૧૯/IHC2/ફાજલ/[illegible] અન્વયે ફાજલ અધ્યાપકોને અન્ય બિનસરકારી અનુદાનિત કોલેજોમાં સમાવવાનું પત્રક ( પરિશિષ્ટ-અ)

| ક્રમ | ફાજલ અધ્યાપકનું નામ | હાલની સંસ્થાનું નામ | ફુલટાઇમ | વિષય | ફાળવેલ કોલેજનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ગીતા એ. જગડ | શ્રીમતી એચ.સી. પટેલ (કંડારી) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ- કરજણ. જિ. વડોદરા. | ફુલટાઇમ | હિન્દી | એન.સી. ગાંધી એન્ડ શ્રીમતી બી.વી. ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ભાવનગર |
| ૨ | ડી.પી. ચૌહાણ | શ્રીમતી એચ.સી. પટેલ (કંડારી) આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મિયાંગામ- કરજણ. જિ. વડોદરા. | ફુલટાઇમ | હિન્દી | નલીની એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ,વલ્લભવિદ્યાનગર, જિ.આણંદ |
| ૩ | આરિસ્તા આર.ગામિત | જી.એલ. એસ. (સદગુણા & બી.ડી.) કોલેજ ફોર ગર્લ્સ અમદાવાદ. | ફુલટાઇમ | હોમસાયન્સ | એચ. આર. શાહ આર્ટસ અને કોમર્સ કોલેજ નવસારી |
| ૪ | રુપા જી. મહેતા | જી.એલ. એસ. (સદગુણા & બી.ડી.) કોલેજ ફોર ગર્લ્સ અમદાવાદ. | ફુલટાઇમ | હોમસાયન્સ | દેસાઇ સી.એમ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામ, જિ. અમદાવાદ. |
| ૫ | ધરતી એચ. ગજ્જર | જી.એલ. એસ. (સદગુણા & બી.ડી.) કોલેજ ફોર ગર્લ્સ અમદાવાદ. | ફુલટાઇમ | હોમસાયન્સ | જે.કે.પટેલ આર્ટસ એન્ડ બી.એ. પટેલ એન્ડ ડી, બી. વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મા, જિ. પાટણ. |

સંયુકત શિક્ષણ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંક:કવટ/IHC2/૨૦૨૦/નિ.ગ્રા/૧૯૭૯૮-૭૭
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ની કચેરી,
બ્લોક-૧૨, બીજો માળ,ડો.જી.મ.ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા૧૫/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ- (૧) ઉ.શિ કમિ.ની કચેરી ગુ.રા.ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંકઃઉબક/ડી.પી.(વ-૧) ક/૯૮-૯૯/૦૦૯-૪૨૩.તા.૨/૧/૧૯૯૯

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ.તા:૨૫/૦૮/૨૦૦૫ તથા તેને આનુસાંગિક ઠરાવો.

(૩) શિક્ષણ વિભાગના તા:૭/૬/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ:એનજીસી/૨૬૧૦/૧૦૫૫/ખ.

(૪) શિક્ષણ વિભાગના તા.૦૮/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ:એનજીસી/૧૧૨૦૦૯/૩૭/ખ.(પાર્ટ-૩)

(૫) શિક્ષણ વિભાગના તા:૦૪/૦૪/૨૦૧૭ ઠરાવ ક્રમાંકઃ:એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ.

(૬) સંબંધિત સંસ્થા દ્વારા વહીવટી મંજૂરી અર્થે રજુ થયેલ દરખાસ્ત.

## કચેરી આદેશ

રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા ખંડ સમયના વ્યાખ્યાતાઓને પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે સમાવવા બાબતે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૦૯/૩૭/ખ.(પાર્ટ-૩) થી ઠરાવેલ છે. જે મુજબ કુલ-૨૩ ખંડ સમયના અધ્યાપકોને પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે સમાવવાના હુકમ થયેલ છે. જે મુજબ નિમણૂંક આપવા સંબંધિત કોલેજોને આ કચેરીએથી ભલામણ પત્ર ઇસ્યુ કરવામાં આવેલ હતા. સદર ભલામણ પત્ર અન્વયે ઉમેદવાર સંબંધિત કોલેજમાં અધ્યાપક સહાયક તરીકેની ફરજ પર તા.૧૭/૦૧/૨૦૨૦ નારોજ હાજર થયેલ છે.

ઉપર મુજબ અધ્યાપક સહાયક તરીકેની ફરજ પર ઉમેદવાર હાજર થતાં, હાજર થયેલ ઉમેદવારની નિમણૂંકને અધ્યાપક સહાયક તરીકેની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત રજુ થયેલ હોઇ, ડૉ. ભરત પી.. પટેલ, **ગુજરાતી** વિષયના અધ્યાપક સહાયક **જેઠીબા કે.પટેલ આર્ટસ એન્ડ બી.એ. પટેલ એન્ડ ડી. બી. વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં** ડૉ. ભરત પી.. પટેલને હાજર થયા તા.૧૭/૦૧/૨૦૨૦થી સદર નિમણૂંકને આમુખ-૫માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૭ ના ઠરાવની જોગવાઇ મુજબ રૂ.૪૦,૧૭૬/- માસિક ઉચ્ચક પગારમાં ગ્રાન્ટના હેતુ માટે નીચેની શરતોને આધીન ગ્રાહ્ય રાખવામા આવે છે.

## શરતો:

(૧) આ કચેરીના તા.૧૮/૦૨/૧૯૮૫ ના પરિપત્રનં ઊબક/સરપ્લસ/ક-૧/૧૫૬૩-૧૯૭૫ ની જોગવાઈ મુજબ જયા સુધી કાર્યભાર/વિધાથીઓની સંખ્યા જળવાઈ રહે ત્યાં સુધી આ નિમણુંક અનુદાનના હેતુ માટે માન્ય રહેશે.

નકલ સાચી છે.

૧૭/૭/૨૦

(૨) નિમણુંક પામેલા અધ્યાપક સહાયકે તેમના વિષયમાં યુ.જી.સી.ના નિયમોનુસાર સરકારશ્રી દ્વારા વખતો વખત નિયત કરેલ ધોરણો મુજબ તથા સંલગ્ન યુનિવર્સિટી ના ઓર્ડિનન્સમાં સૂચવ્યા મુજબ નો કાર્યભાર સંભાળવાનો રહેશે.

(૩) આ નિમણૂકની જગ્યાઓ કાર્યભાર જળવાતો નહિ હોઇ અને સંસ્થા/કોલેજ આ કર્મચારીને અધ્યાપક સહાયક તરીકે ચાલુ રાખશે તો આ નિમણુંક ના પગાર ભથ્થા ખર્ચ ઓડિટમાં અમાન્ય કરવામાં આવશે.

(૪) કાર્યભાર કોઈપણ કારણોસર ઘટે તો તેની માહિતી નિયત પત્રકોમાં ભરી તેની જાણ તુરતજ સંસ્થાએ અત્રેની કચેરીને અચુક કરવાની રહેશે. જો આ સૂચનાનો જે તે સમયે ચુસ્ત પાલન/અમલ કરવામાં નહીં આવે તો કાર્યભાર વિનાના સ્ટાફનો પગાર ભથ્થા ખર્ચ આ કર્મચારીને નિમણુંક આપનાર સંસ્થા/મંડળે ભોગવાનો રહેશે.

(૫) શિક્ષણ વિભાગના " અધ્યાપક સહાયક" સંબધી તા.૨૫/૦૮/૨૦૦૫ તથા તેને આનુસાંગીક ઠરાવોની જોગવાઈ ધ્યાને લેતા પસંદ થયેલ વિષયના અધ્યાપક સહાયકનો કાર્યભાર ઘટે ત્યારે આ અદયાપક ફાજલ તરીકેનું રક્ષણ ધરાવતા નથી.

(૬) આ નિમણૂકના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો ૧૯૬૭ની જોગવાઇઓને અનુસરવાની રહેશે.

(૭) નિમણુંક પામનાર સબંધિત "અધ્યાપક સહાયક" ને વહીવટી મંજૂરી ઓડિટને આધીન આપવામાં આવે છે.

નોંધ પરના માન. આયુકતશ્રીના આદેશનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ

- આચાર્યશ્રી, **જેઠીબા કે.પટેલ આર્ટસ એન્ડ બી.એ. પટેલ એન્ડ ડી. બી. વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મા, જિ. પાટણ.**
- **ડૉ. ભરત પી.. પટેલ, ગુજરાતી** વિષયના અધ્યાપક સહાયક, કોલેજ મારફત.
- નાયબ નિયામકશ્રી,(હિસાબ), સીધા પગાર શાખા. સદર કચેરી.
- હુકમ ફાઈલે.

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

- સેકશન અધિકારીશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- કુલ સચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, પાટણ

ક્રમાંક: કવટ/ISC8/ભરતી/૨૦૨૧/158 / 1120
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૨/૨, ગુ. રા., ગાંધીનગર.
તા. ૧૨/૦૬/૨૦૨૧

પ્રતિ
આચાર્યશ્રી,
જેઠીબા કે. પટેલ આર્ટ્સ કોલેજ એન્ડ બી. એ. પટેલ એન્ડ ડી. બી. વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મા, પાટણ

વિષય : બિનસરકારી અનુદાનિત કોલેજમાં કેન્દ્રિયકૃત ધોરણે અધ્યાપક સહાયકની ખાલી જગ્યા ભરવા એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એનઓસી/૧૧૦૪/૧૬૫૭/ખ, તથા સમાનાંકિ તા.૨૮.૦૩.૨૦૦૬, તા.૧૬.૦૬.૨૦૦૮, અને તા.૧૫.૦૬.૨૦૧૦
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સીબીસીએસ/૨૬૨૦૧૧-૯૧૮/ખ તા.૧૧.૦૪.૨૦૧૧
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૨૬૧૦/૧૦૫૫-૯૧૮/ખ તા.૦૭.૦૬.૨૦૧૧
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૦૯.૨૦૧૧
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૧૧.૨૦૧૧
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ તા.૦૪.૦૪.૨૦૧૭
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૨/૧૯૩૯/ખ તા.૨૭.૦૭.૨૦૧૭
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૬.૦૮.૨૦૧૭
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૮.૦૫.૨૦૧૮
(૧૦) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીનું નોટીફીકેશન, તા.૧૮.૦૭.૨૦૧૮
(૧૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૧૮/૧૯૨/ખ, તા.૦૧.૦૨.૨૦૧૯
(૧૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ, તા.૨૩.૧૨.૨૦૧૯
(૧૩) સંસ્થાની એન.ઓ.સી.ની માંગણી દરખાસ્ત નંબર: 57 તા. 9/6/21 સંચાલક મંડળનુ તા. 9/6/21 નું સોગંદનામુ/એકરારનામું અને આચાર્યશ્રીનું તા. 9/6/21 નું પ્રમાણપત્ર

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ: ૧ થી ૧૨ પરની બાબતો લક્ષમાં લેતા આપની સંસ્થામાં શૈક્ષણિક જગ્યાઓ, સંદર્ભ: (૭) દર્શિત ઠરાવ મુજબ અધ્યાપકના મૃત્યુ, નિવૃતિ, કે રાજીનામાના કારણોસર ખાલી પડેલ જગ્યા ભરવા માંગણીના સંદર્ભમાં નીચેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેના વિષયના સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઇ મુજબ "અધ્યાપક સહાયક"નાં નામાભિધાનથી મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયા દ્વારા ભરવા માટે એન.ઓ.સી. આપવામા આવે છે. આ એન.ઓ.સી. અત્રેની કચેરીના તા.૧૮.૦૨.૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/સરપ્લસ/ક/૧૭૫૩/૧૯૭૫ ની જોગવાઇ મુજબ જયા સુધી વર્કલોડ તથા વિધાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યા સુધી નીચેના શરતોનું પાલન કરવાની શરતે આ સાથેના બિડાણ મુજબની એન.ઓ.સી.આપવામાં આવે છે

શરતો :

(૧) આ એન.ઓ.સી. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ., તા.૧૪.૦૯.૨૦૧૧ની જોગવાઇ અન્વયે કેન્દ્રિયકુત ભરતી ધોરણે પ્રકિયા કરી "અધ્યાપક સહાયક" નાં નામાભિધાનથી થી મદદનીશ પ્રાધ્યાપકની ખાલી જગ્યાઓ ભરવા માટે છે. આ સિવાય અન્યથા કોઇ રીતે ભરતી પ્રકિયા કરી શકાશે નહી.

(૨) આ એન.ઓ.સી. સંદર્ભ: (૧૩) માં જણાવેલ કોલેજ દ્વારા રજુ કરવામાં આવેલ જે તે વિષયના કાર્યભારની વિગતો, સંચાલક મંડળનું સોગંદનામું/એકરારનામુ તેમજ કોલેજનાં આચાર્યશ્રીનું પ્રમાણપત્ર તથા રોસ્ટર રજીસ્ટરની વિગતોને ધ્યાને લઇ આપવામાં આવે છે. આ બાબતે કોઇ પણ વિસંગતતા ઉભી થાય તો આપેલ એન.ઓ.સી. રદ કરવામાં આવશે.

(૩) મંજુર કરેલ જગ્યાની ભરતી માટે યુજી.સી. અને આ કચેરીના વખતોવખત ના પરિપત્ર તથા સરકારશ્રીના ઠરાવો મુજબની પધ્ધતિનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે.

(૪) મંજુર કરેલ અધ્યાપક સહાયકની જગ્યાનો કાર્યભાર જે તે વિષયમાં પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણને આધિન રહીને સંસ્થાના કાર્યરત/ચાલુ શૈક્ષણિક સ્ટાફને મહત્તમ કાર્યભાર સોપ્યા બાદ ખરેખર વર્કલોડ સોપ્યા વગરનો બાકી રહેવો જોઇએ.

(૫) વિધાર્થીઓની સંખ્યા, પ્રવેશ રદ અને વિષય બદલવાની અરજીઓ ધ્યાનમાં લીધા પછી જ ખરેખર કાર્યભાર ગણત્રી કર્યા બાદ જ નિમણુંક આપવાની રહેશે. તથા હાજર કરવાના રહેશે. આ બાબતે કોલેજના આચાર્યશ્રી તથા સંચાલક મંડળની સંપૂર્ણ જવાબદારી ગણાશે .

(૬) આ એન.ઓ.સી. હેઠળની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વખતો વખતના આનુષાંગિક ઠરાવોમાં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર તથા સંદર્ભ: (૧૦) દર્શિત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યુ દિલ્હીના રેગ્યુલેશન-૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮ ના નોટીફિકેશનથી નક્કી થયેલ ધારા ધોરણો મુજબ રહેશે અને તેમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પંસદગી "અધ્યાપક સહાયક" તરીકે કરવાની રહેશે, અન્યથા મંજુર કરેલ જગ્યાના પગાર ભથ્થા ગ્રાન્ટને પાત્ર રહેશે નહી.

16.6.21

NOC/CHE/2021/GCC-G

(૭) આ એન.ઓ.સી. હેઠળની જગ્યાની ભરતીમાં રાજય સરકારે નક્કી કરેલ ભરતી પધ્ધતિનો અમલ કરવાનો હોઇ, શિક્ષણ વિભાગના તા.૧૪.૦૯.૨૦૧૧ના ઠરાવમાં અને ત્યારબાદ સંદર્ભ: (૧૧) દર્શિત તા.૨૩.૧૨.૨૦૧૯ ના ઠરાવમાં કરેલ જોગવાઇઓનું પાલન કરીને સિલેકશન કમિટી દ્વારા નિયત ગુણાંકન પધ્ધતિના આધારે ઉમેદવારની પંસદગી કરવાની રહેશે.

(૮) નિમુણંકને પૂર્વ મંજુરી/વહીવટી મંજુરી આ કચેરીના તા.૨૬.૦૬.૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક : ઉબક/સરપ્લસ/ક.૧/૮૯-૯૦/૧૧૦૦૧/૨૭૦ માં જણાવ્યા મુજબના સાધનિક પત્રકો/કાગળો તથા વરણી સમિતિના ગુણાંકન પત્રકો(સહ્યદીઠ) તેમજ તેનું એકંદર પત્રક તથા રોજકામની નકલ વગેરે દરખાસ્તમાં અચુક સામેલ રાખવાના રહેશે.

(૯) શિક્ષણ વિભાગના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ, અન્વયે ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજય સરકાર તથા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી/ભલામણ સિવાય નિમણુંક નહી કરવાની જોગવાઇ મુજબ તે અંગેના આ કચેરીના તા.૦૨.૦૧.૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/ડીપી/(વ.૨)ક/૯૮-૯૯/૨૦૦૮/૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતીએ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વમંજુરી/ ભલામણ પત્ર આ કચેરીએથી મેળવ્યા બાદ જ નિમણુંક હુકમ આપવાનો રહેશે.

(૧૦) ઉમેદવારની નિમણુંક યુનિવર્સિટી તરફથી પ્રવેશ મંજુરી અને અધ્યાપક સહાયક તરીકેની મંજુરી મળ્યા બાદ અત્રેની કચેરીના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ અને તા.૦૨.૦૧.૧૯૯૯ના પરિપત્ર અન્વયે આપેલ પૂર્વ મંજુરી અને વહીવટી મંજુરીને આધિન જ પગારભથ્થા કોલેજે આકારવાના રહેશે અન્યથા કોલેજ દ્વારા ચુકવાયેલ એડહોક પગારભથ્થાની જવાબદારી આ કચેરીની રહેશે નહી.

(૧૧) આ એન.ઓ.સી. હેઠળ પંસદગી પામનાર "અધ્યાપક સહાયક"ની અત્રેની કચેરીની પૂર્વમંજુરી બાદ સંસ્થાએ આપેલ નિયુક્તિ સરકારશ્રીના વખતોવખતના ધોરણો અનુસાર પગારભથ્થા અને સેવાની શરતોને આધીન રહેશે.

(૧૨) આ કોલેજમાં વિધાર્થીની સંખ્યા ઘટે અથવા અન્ય કોઇ કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ "અધ્યાપક સહાયક"ને છુટા કરવાના રહેશે. અને તેમને સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઇ મુજબ ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહી. પરંતુ જો તે કોલેજમાં તેના વિષયની જરૂરિયાત પુન: ઉભી થાય તો આવા છુટા કરેલ ઉમેદવારને પુન: તે જ કોલેજમાં પુન: નિયુક્તિ કરી શકાશે અને આવી નિમણુક તદન નવી ગણાશે.

(૧૩) સંબધિત કોલેજે જે વિષયમાં એન.ઓ.સી. મેળવવા માટેની દરખાસ્ત કરેલ હોય અને તે વિષયમાં અત્રેની કચેરી દ્વારા ફાજલ વ્યાખ્યાતાને ફાળવવામાં આવેલ હોય તો તે વિષયની એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. તદુપરાંત અત્રેની કચેરી દ્વારા જે તે વિષયમાં ફાજલ અધ્યાપકને સમાવવાના થાય તો તેવા અધ્યાપકને કોલેજે સમાવવાના રહેશે અને તે સમયે કોલેજને આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે

(૧૪) અત્રેની કચેરી દ્વારા યોજવામાં આવેલ કેમ્પ સમયે સંસ્થાના આચાર્યશ્રી દ્વારા જગ્યા ભરવા માટે રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં જે વિષયમાં એન.ઓ.સી.ની માંગણી માટે દરખાસ્ત કરેલ છે તે વિષયમાં કોલેજ દ્વારા કોઇ અધ્યાપકને સંખ્યાધિક કરવામાં આવેલ નથી તેવું રજુ કરેલ પ્રમાણપત્ર ધ્યાને લઇ આ એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૧૫) આ એન.ઓ.સી. હેઠળની નિમણૂંક અંગે આ કચેરી દ્વારા અગાઉ આપેલ વખતોવખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ એન.ઓ.સી. કોઇ કોર્ટ કેસ/લીટીગેશન હોય તો તેમાં થયેલ/થનાર આદેશો પરત્વે સરકારશ્રી કક્ષાએથી લેવાયેલ નિર્ણયોને આધીન રહેશે.

(૧૭) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩.૦૮.૨૦૦૮ તેમજ તા.૧૮.૦૩.૨૦૧૬ ના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઇશે

(૧૮) **આ અગાઉ વર્ષ ૨૦૨૦ માહે ડીસેમ્બર દરમ્યાન એન.ઓ.સી આપવામા આવેલ હોય તો, તે રદ ગણવામાં આવશે અને આ પત્ર સાથેની જ એન.ઓ.સી. માન્ય ગણવામાં આવશે.**

નાયબ નિયામક(કોલેજ),
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ:- એન.ઓ.સી.નું વિગત વાર પત્રક

NOC/CHE/2021/GCC-G

E -GYAN NO. 158

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. 9/6/21 ના પત્રાંક:- કવટ/ ISC8/ ભરતી/ ૨૦૨૧ / 120 સાથેનું બિડાણ

કોલેજનું નામ: જેઠીબા કે. પટેલ આર્ટ્સ કોલેજ એન્ડ બી. એ. પટેલ એન્ડ ડી. બી. વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્મા, પાટણ

| ક્રમ | વિષય | કેટેગરી | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | | એસ.ટી. | | ઓ.બી.સી. | | પી.એચ. | | ઇ.ડબ્લ્યુ.એસ. | | ઓપન | | કુલ | |
| | | G | F | G | F | G | F | G | F | G | F | G | F | G | F |
| 1 | ECONOMICS | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 |

*નોંધ: 'G' એ મહિલા અને પુરૂષ માટે સંયુક્ત રીતે જગ્યાનો પ્રકાર દર્શાવે છે. અને "F" ફક્ત મહિલા ઉમેદવારો માટે નિર્દેશિત કરે છે.*

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુરા, ગાંધીનગર

NOC/CHE/2021/GCC-G